# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-11-2024** **MIDDAY : 2.30 to 2.35**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM NEW YEAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિક્રમ સંવત ૨૦૮૧નો આજે સવારે ગાંધીનગરમાં પંચદેવ મંદિરના દર્શન કરી પ્રારંભ કર્યો હતો. તેઓ પંચદેવ મંદિરના દર્શન કરી અડાલજ ખાતે ત્રિમંદિરના દર્શનપૂજા કરવા પહોંચ્યા હતા. ત્યાં તેમણે નવા વર્ષ નિમિત્તે પૂજા-અર્ચના કર્યા બાદ મંત્રીમંડળ નિવાસ સંકુલમાં આવેલા કોમ્યુનીટી સેન્ટર ખાતે નાગરિકો-પ્રજાજનો સાથે નૂતન વર્ષાભિનંદનની આપ-લે કરી હતી.

ત્યારબાદ તેઓ રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવવા પહોંચ્યા હતા. જયાં તેમણે રાજ્યપાલ સાથે મુલાકાત કરી હતી. તેઓએ અમદાવાદમાં શાહીબાગ સ્થિત એનેક્ષી સરકીટ હાઉસ, ખાતે નાગરિકો સાથે નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરી હતી. આ પ્રસંગે અમદાવાદમાં મુખ્યમંત્રીને રાજકીય આગેવાનો, સામજીક આગેવાનો, ધાર્મિક વડાઓ મળ્યા હતા અને નૂતન વર્ષાભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીએ ભદ્રકાળી માતાના મંદિરે શીશ ઝુકાવ્યું હતું.

આજે બપોર બાદ મુખ્યમંત્રીનો શાહીબાગ ડફનાળા ખાતે વરિષ્ઠ પોલીસ અધિકારી અને તેમના પરિવારોને નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવવાનો કાર્યક્રમ છે.

-----------------------------------------------------------------

- યાદી, હર્ષલ પંડયા -(NAVIN)

# PM-GUJARATI NEW YEAR

**પ્રધાનમંત્રી** નરેન્દ્ર મોદીએ, આજે ગુજરાતી નવા વર્ષ નિમિત્તે ગુજરાતની જનતાને શુભેચ્છા પાઠવી હતી.

**પ્રધાનમંત્રી** મોદીએ સોશિયલ મીડિયા પર ગુજરાતી ભાષામાં એક પોસ્ટમાં લખ્યું કે, આજથી શરૂ થયેલું આ નવું વર્ષ તમારા જીવનમાં સુખ, સફળતા અને સમૃદ્ધિ લઈને આવે અને તમારું સ્વાસ્થ્ય સારું રહે એવી પ્રાર્થના. આવનારા વર્ષમાં તમારા બધા સપના સાકાર થાય અને દરેક દિવસ નવી ઉર્જા અને સકારાત્મકતાથી ભરેલો રહે, એવી પ્રાર્થના સાથે નવા વર્ષની શુભકામનાઓ...!! નવા વર્ષની શુભેચ્છાઓ!"

---------------------------------------------------------------------

- હિંદુસ્તાન સમાચાર, અજય ઇન્દ્રેકર -(NAVIN)

# AMIT SHAH NEW YEAR

આજે નવા વર્ષના પ્રારંભે કેન્દ્રિય ગૃહ અને સહકારિકતા મંત્રી અમિત શાહે અમદાવાદમાં થલતેજ ખાતે પોતાના નિવાસસ્થાને નવા વર્ષની લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ અમિત શાહને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રી શાહને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવા સંસદ સભ્યો, દિનેશ મકવાણા, એચ. એસ. પટેલ, રાજ્યસભાના સાંસદ મયંક નાયક, ભાજપ અમદાવાદ શહેર પ્રમુખ અમિત શાહ, મેયર પ્રતિભા જૈન, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન, અમદાવાદના ધારાસભ્યો, કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યાં હતાં.

સુરતમાં કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર. પાટીલે પણ પોતાના નિવાસસ્થાને પક્ષના કાર્યકર્તાઓ અને શુભેચ્છકોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

------------------------------------------------------------------

- પીટીસી અમદાવાદ, અજય ઇન્દ્રેકર- -(NAVIN)

# OVER ALL NEW YEAR

સમગ્ર રાજ્યમાં આજે નૂતન વર્ષની ઉજવણીનો ઉત્સાહજનક માહોલ છે. વહેલી સવારથી જ લોકો નૂતન વર્ષની ઉજવણી કરી રહ્યાં છે. મંદિરોમાં વિશેષ પૂજા અર્ચના થઇ રહી છે. મોટી સંખ્યામાં લોકો નવા વર્ષ નિમિત્તે ભગવાનને શિશ ઝુકાવવા પહોંચ્યા હતા. મંદિરોમાં વિશેષ પૂજા અને નૂતન વર્ષના અન્નકૂટ પણ ભગવાનને ધરાવવામાં આવી રહ્યો છે..

જ્યારે નૂતન વર્ષની ઉજવણીના આનંદ સાથે સવારથી જ લોકોએ નવા વસ્ત્રો પરિધાન કરીને એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવા પહોંચ્યા હતા અને મોઠુ મીઠુ કરાવીને નવા વર્ષનો આરંભ કર્યો હતો. બાળકોએ પણ સવારમાં જ ફટાકડા ફોડીને નવા વર્ષની ઉજવણી કરી હતી.

બીજી તરફ વેપારીઓએ પણ આજે નવા વર્ષના મુહુર્ત માટે દુકાનોનો શુભમૂહુર્તમાં આરંભ કર્યો હતો. તેમજ વર્ષ દરમિયાન સારો વેપાર થાય તેવી આશા અને ઉમંગ સાથે દિવસની બોણી કરી હતી. જેને કારણે સવારથી બજારોમાં પણ ભીડ જોવા મળી હતી.

---------------------------------------------------------------------

- ન્યુઝ રૂમ હૃષલ પંડ્યા

-(NAVIN)

# YATRADHAM UJAVANI

રાજ્યમાં નવા વર્ષની ઉજવણીની સાથે રાજ્યના સુપ્રસિદ્ધ યાત્રાધામોમાં પણ વિશેષ ઉજવણી થઇ રહી છે. જેમાં દ્વારકાધિશ, શામળાજી, અંબાજી, પાવાગઢ, ડાકોર, સાળંગપુર હનુમાન, ચોટીલાના ચામુંડા માતાના મંદિરે ભક્તોનુ ઘોડાપુર ઉમટી રહ્યું છે.

અરવલ્લી જિલ્લાની ગિરિમાળાઓમાં બિરાજમાન ભગવાન શામળિયાના દર્શન કરવા માટે ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા. દૂર દૂરથી ભક્તો શામળાજી ખાતે આવી પહોંચ્યા હતા. ભક્તોએ નવા વર્ષની શરૂઆત, ભગવાન શામળિયાના દર્શન કરીને કરી હતી. શામળાજી મંદિરને રોશનીથી સજ્જ કરવામાં આવ્યું છે. ભક્તોએ શામળિયાના દર્શન કરીને નવા વર્ષની શરૂઆત કરી હતી. યાત્રાધામ શામળાજી ખાતે ભગવાનને વિશેષ શણગાર પણ કરવામાં આવ્યો હતો.

દ્વારકાધિશ મંદિરને પણ શણગારવામાં આવ્યું છે અને રોશની કરવામાં આવી છે. નવા વર્ષની ઉજવણી પ્રસંગે દ્વારકામાં પણ હજારો ભક્તો ઉમટી પડયા છે અને ગોમતી ઘાટે સ્નાન કરી રહ્યાં છે.

તમામ યાત્રાધામો ઉપર દર્શનાર્થીઓની ભીડને જોતા તંત્ર દ્વારા તકેદારીના પગલાં પણ લેવાઇ રહ્યાં છે. પોલીસ ખડે પગે છે અનેકોઇ પણ અનિચ્છનિય ઘટના ન ઘટે તે માટે પોલીસ સજ્જ બની ગઇ છે.

અમદાવાદના ઇસ્કોન મંદિરમાં ગોવર્ધન પૂજા સાથે અન્નકુટનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોવર્ધન પૂજાની સાથે સાથે ઇસ્કોન મંદિરમાં ગૌ-પૂજાનો પણ કાર્યક્રમ યોજાયો હતો. સવારે મંગલા આરતીમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડયા હતા.

---

- પીટીસી અરવલ્લી, સુરેન્દ્રનગર, અખબારી યાદી –હર્ષલ પંડ્યા -(NAVIN)

# teacher bharti

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા ધોરણ 1થી 8માં કુલ 13 હજાર 852 શિક્ષકોની જગ્યામાં ભરતી માટે જાહેરાત પ્રસિદ્ધ કરાઈ છે. આગામી 7 નવેમ્બરથી 16 નવેમ્બર સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકાશે. શિક્ષણ નિયામક કચેરી દ્વારા જાહેર કરાયેલ વિગતો મુજબ ધોરણ 1 થી 5 માં 5 હજાર અને ધોરણ 6થી 8માં 7 હજાર અને અન્ય માધ્યમની શાળાઓમાં એક હજાર 852 શિક્ષકોની ભરતી કરાશે. તમામ ઉમેદવારોએ ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમ શિક્ષણ નિયામક કચેરીની યાદીમાં જણાવાયું છે..

----------------------------------------------------------------------

--સંદેશ ન્યુઝ પેપર - સરફરાઝ નાગોરી

# PATAN FIRE

પાટણ શહેરમાં દિવાળી બાદ નૂતન વર્ષના સપરમાં દિવસે જ આગની ઘટના ઘટી હતી. જેમાં પાટણના જાણીતા ગ્રુપના શૉ -રૂમમાં અગમ્ય કારણોસર મધરાતે ભયાનક આગ ભભૂકી ઉઠી હતી જેમાં લાખો રૂપિયાનો માલ બળીને ખાખ થઇ જવા પામ્યો છે. આગ લાગ્યાની ખબર પડતા જ પાટણ નગરપાલિકાના અગ્નિશમન દળે પાણીનો મારો ચલાવીને આગ પર કાબુ મેળવ્યોહતો. જોકે આ આગને કારણે ભારે નુકસાન થયું હતું.

---------------------------------------------------------------------

- પીટીસી- પાટણ

હર્ષલ -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................